એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
નોંધણીકૃત કાર્યાલયઃ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ-400 098.
CIN No.: L67120MH2008PLC181833
શાખા કાર્યાલયઃ સુરત

L&T Finance

જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લોનાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **"જાહેર ઈ-હરાજી"** થકી **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે ઈ-હરાજી કરવા માગે છે.

ઋણદાર અને સહ-ઋણદારનું નામ	સંરક્ષિત મિલકતનું સરનામું	લોન અકાઉન્ટ નંબર(રો)	પ્રત્યક્ષ લીધેલો કબજો	બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધ (રૂમાં)	06.12.2024 ના રોજ કુલ બાકી લેણા	અનામત કિંમત (રૂમાં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
1. સર્વાનન રત્નમ રેડ્ડી 2. રેડ્ડી સુચીત્રા સર્વાનન	જમીનના ટુકડાં અને ખંડ બધાંનું સરનામુંઃ ફ્લેટ નં. 504, પાંચમો માળ, બિલ્ડિંગ નં.: એ જૈનમ રેસિડેન્સી તરીકે ઓળખાય છે, જે પાલ ખાતે આવેલ છે, જેનો રેવન્યૂ સર્વે નં. 296 પૈકી, બ્લોક નં. 278/1, ટી. પી. સ્કીમ નં. 14 (પાલ), ફાઈનલ પ્લોટ નં.: 4 છે, ગામઃ પાલ, તાલુકોઃ સુરત શહેર, જિલ્લોઃ સુરત, તેનું માપ લગભગ 858.00 ચો. ફૂટ એટલે કે 79.71 ચોરસ મીટર થવા જાય છે, જેની સાથે લગભગ 39.47 ચો. મી.નો ઉક્ત જમીનમાં પ્રમાણસરનો અવિભાજિત હિસ્સો. સીમાઓ: પૂર્વે – ટી. પી. સ્કીમ નં. 14નો એફ. પી. નં. 5; પશ્ચિમે – ટી. પી. સ્કીમનો જાહેર રોડ; ઉત્તરે – ટી. પી. સ્કીમ નં. 10નો બ્લોક નં. 276; દક્ષિણે – ટી. પી. સ્કીમ નં. 14નો પ્લોટ નં. 7 અને 8	H1265825012204503 9, H1265825012204503 9L, H1265825012204503 9G, H1265803022203292 6, H1265803022203292 6L, H1265803022203292 6G, H1265825022207064 3, H1265825022205031 6	30.11.2024	રૂ. 3,56,928/-	રૂ. 60,09,742.22/-	રૂ. 35,69,280/-	અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને તમામ કાર્યકારી દિવસોએ સવારે 10 વાગ્યાથી સાંજે 5.30 વાગ્યા સુધી	30.01.2025 બપોરે 12:00 વાગ્યાથી 2:00 વાગ્યા સુધી

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ-હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ-હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net/EPROC/ થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ-હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ-હરાજું ભાગ લેવા માટે ઇચ્છુક ખરીદદાર/બિડરોએ **29/01/2025** ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ-હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએફ દ્વારા જાહેર ઈ-હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં "એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ"ને નામે મુંબઈ ખાતે **30/01/2025** ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ-લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, **31/01/2025** ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ કે વધુ માહિતી માટે હરાજીમાં સંભવિત બોલી લગાવનારાઓ અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે, **જેમનું નામ છે – પિયુષ મંદાની, સંપર્ક નં. 9974748946, એલ એન્ડ ટી ફાઈનાન્સ લિ., ઈકો કોમર્સ કોમ્પલેક્સ, ત્રીજો માળ, 308થી 311 અને 322થી 326, જી. ડી. ગોયેન્કા રોડ, સંગિની એરાઈઝની સામે, વેસૂ, સુરત – 395007 અને સંતોષ તિવારી, સંપર્ક નં. 9920490126, એલ એન્ડ ટી ફાઈનાન્સ લિ., ઑફિસઃ છઠ્ઠો માળ, બિન્દાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કલિના, સીએસટી રોડ, મર્સીડીઝ શોરૂમની પાસે, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400 098.** ઈ-હરાજીના કોઈપણ તબક્કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યાં વગર અને અગાઉથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર બોલી/ઑફરને સ્વીકારી/નકારી/સુધારો-વધારો/રદ કરી શકે છે અથવા તો તેને પાછી ઠેલી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ-હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8 (6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ-ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ-હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ-ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

તારીખઃ 28.12.2024
સ્થળઃ સુરત

સહી/-
અધિકૃત અધિકારી
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

પશ્ચિમ રેલ્વે દ્વારા વિશેષ ટ્રેન શરૂ અમદાવાદ-તિરુચિરાપલ્લી (વાયા-વસઇ રોડ)

ટ્રેન નં.	ક્યા સ્ટેશન ક્યા સ્ટેશન સુધી	સેવાની તારીખ	પ્રસ્થાન	આગમન
09419	અમદાવાદ-તિરુચિરાપલ્લી	02.01.2025 થી આગળની માહિતી આપશે ત્યા સુધી	09:30 કલાકે (ગુરૂવાર)	03:45કલાકે શનિવાર
09420	અમદાવાદ-તિરુચિરાપલ્લી	05.01.2025 થી આગળની માહિતી આપશે ત્યા સુધી	05:40 કલાકે (રવિવાર)	21:15કલાકે (સોમવાર)

સ્ટોપ : વડોદરા, સુરત, વલસાડ, વાપી ,વસઇ રોડ, કલ્યાણ, પૂણે, સોલાપુર, કાલાબુરાગી, વાડી, રાઇચુર, મથંરાલાયમ, ગુંટકલ, તાડીપત્રી, ચુડાપહ, રેનીગુંઠા, અરકોનમ, પેરામબુર, ચેન્નઇ એગમોર, તાંબારામ, ચેનગાલપટ્ટુ, વીલુપુરમ, કુડાલોરે પોર્ટ, ચિદંબરમ, સિરકાઝી, વૈઠિસાવરકોલી, મયીલાદુથુરાઇ, કુંભાકોનમ, પાપાસનમ થાવંજુર સ્ટેશન બંન્ને દિશામાં

કોચ : એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચ

સમય, હોલ્ટ અને કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquirv.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૦૯૪૧૯ નુ બુકિંગ ૨૯.૧૨.૨૦૨૪ થી સમગ્ર પીઆરએસ કાઉન્ટર તથા આઇઆરસીટીસી વેબસાઇટ પરથી થશે તેમજ ઉપર આપેલ તમામ ટ્રેનો વિશેષ ટ્રેન હોવાથી વિશેષ ભાડુ લાગુ રહેશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
Like us on: facebook.com/WesternRly
Follow us on: X.com/WesternRly

બધી આરક્ષિત ટિકીટો માટે ઓળખપત્ર સાથે રાખો.

ગાંધીનગરમાં વેરો નહીં ભરનારી ૩૮ મિલકત સીલ, ૬૩૯ને નોટિસ

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર મહા નગરપાલિકાના મિલકતવેરા વિભાગ દ્વારા મિલકતવેરાની ૭૫% થી વધુ વસુલાત થતા બાકીના ૨૫% બાકીદારો પાસેથી વસુલાત માટે નોટીસ આપી સિલીંગ અને ટાંચ જમીની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

વેરા વસૂલાત માટે તંત્રએ લાલ આંખ કરતાં ૩૮ મિલકતોને સીલ માર્યા છે. તંત્રની આ કવાયતના પગલે બાકીદારોએ રૂ.૧૧ કરોડનો વેરો જમા કરાવ્યો છે.

ફેડબેંક ફાઇનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ હરાજીની નોટીસ

આથી સામાન્ય જનતાને જણાવવામાં આવે છે કે ફેડબેંક ફાયનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ, જે ખાતાઓ (નીચે ઉલ્લેખિત) જે મુદતવીતી ગઇ છે. જેમાં ડિફોલ્ટ અને માર્જિનનો ભંગ થયો છે તેવા ખાતાઓ સાથે જોડાયેલા સોનાના ઘરેણાંની હરાજી હાથ ધરવાનું નક્કી કર્યું છે. આ હરાજી નીચે દર્શાવેલ સંબંધિત શાખાઓમાં યોજાશે. **બુધવાર ૦૮.૦૧.૨૦૨૫ ના સવારે ૧૦.૦૦ થી બપોરે ૧૨.૦૦ વાગ્યાના દરમિયાન** જ્યાં સુધી હરાજી પ્રક્રિયા પુરી ન થાય ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહેશે.

Silvassa 7622854705 **FEDGL05260**00000674, 0000700, 0000708, 0000715, 0000718, 0001604, 0001612, 0001614, 0001615, 0001616, 0001625, 0001680, 0001699

સ્થળ અથવા તારીખમાં ફેરફાર, જો કોઇ હોય તો અમારી વેબસાઇટ www.fedfina.com. પર પ્રદર્શિત કરવામાં આવશે. સહભાગી તમામ બિડર્સને તેમના દ્વારા સબમિટ કરવામાં આવેલી બિડની સ્વીકૃતી અથવા અસ્વીકારના સંદર્ભમાં પછીથી જાણ કરવામાં આવશે. ગ્રાહક કે જેઓ તેમના ઘરેણાં છોડવા માંગે છે તે ગ્રાહક દ્વારા દાગીના ગીરવે મુક્યા હોય તે આધાર શાખાની મુલાકાત લેવી જોઇએ. નિયમો અને શરતો સાથે ૦૭-૦૧-૨૦૨૫ ના રોજ અથવા તે પહેલા ઉપર જણાવેલ નંબર પર સંપર્ક કરો.

સંબંધિત શાખાઓમાં હરાજી હાથ ધરવામાં આવશે, જો કોઇ કારણોસર હરાજી આપેલ તારીખે પૂર્ણ ન થાય તો તેના સંબંધમાં હરાજી અમારી વેબસાઇટ પર વિગતો દર્શાવ્યા પછી જિલ્લા સ્તરની શાખામાં પછી ના કામકાજના દિવસોમાં હાથ ધરવામાં આવશે. આ સંદર્ભે કોઇ વધુ સંદેશાવ્યવહાર જારી કરવામાં આવશે નહીં.

તારીખ : ૨૮.૧૨.૨૦૨૪ — **વતી, સહી/- અધિકૃત અધિકારી**
સ્થળ : દાદરા અને નગર હવેલી. — **ફેડબેંક ફાઇનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ**

જાહેર નોટીસ

એન.એન.સવાણી, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ, સુરતની કોર્ટમાં જાહેર નોટીસ

નં.જ.મ.પ્ર/એસ.આર.નં.૨૭૭/૨૦૨૪
તા. ૦૨/૧૨/૨૦૨૪

વાદી:- દાદાની ઝુબેર જીકર
રહે. ૨૫/૨૬, શિલ્પરાજ રો હાઉસ સોસાયટી, ન્યુ એરા વિદ્યાલય સામે, અડાજણ પાટીયા, સુરત

વિરૂધ્ધ

પ્રતિવાદી:- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
સુરત મહાનગર પાલિકા સુરત

વિષય:- જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી દાદાની ઝુબેર જીકર, રહે. ૨૫/૨૬, શિલ્પરાજ રો-હાઉસ સોસાયટી, ન્યુ એરા વિદ્યાલય સામે, અડાજણ પાટીયા, સુરતના પિતા દાદાણી ઝકરિયા મોહંમદનું અવસાન તા. ૧૯-૧૧-૨૦૧૯ ના રોજ ૨૫/૨૬, શિલ્પરાજ રો હાઉસ સોસાયટી, ન્યુ એરા વિદ્યાલય સામે, અડાજણ પાટીયા, સુરત ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ કોઇ ભુલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. તેની તમામ લાગતાં-વળગતાં ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૨/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહી/-
(એન.એન.સવાણી)
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ,
અને નાયબ કલેકટર,
સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ, સુરત

ડાંગ જિલ્લામા ચાઇનીઝ તુક્કલ, નાયલોન દોરીના વેચાણ અને ઉત્પાદન ઉપર પ્રતિબંધ

જનાદેશ પ્રતિનિધિ, ડાંગ : ડાંગ જિલ્લામા સ્કાય લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ) તેમજ ચાઇનીઝ માંજા/પ્લાસ્ટીક દોરી, નાયલોન અથવા અન્ય સિન્થેટિક માંજા, સિન્થેટિક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેડેબલ હોય તેવી દોરીના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મુકવામા આવ્યો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી બી.બી.ચૌધરી દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (????) ની કલમ-૧૬૩ અન્વયે તા. ૨૭/૧૨/૨૦૨૪ ના કલાક ૦૦:૦૦ થી તા.૧૬/૧/૨૦૨૫ના કલાક ૨૩:૫૯ (બંને દિવસો સહિત) સુધી, નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવામા આવ્યો છે. (૧) ચાઇનીઝ માંજા/નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચનુ તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી, અન્ય સિન્થેટિક માંજા, સિન્થેટિક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેડેબલ હોય તેવી દોરી વિગેરેના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ ઉપર, (૨) ?ચાઇનીઝ સ્કાય લેન્ટર્ન? (ગુબ્બારા/તુક્કલ) ના વેપાર તથા આયાત કરી ખરીદ, વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/ઉડાડવા ઉપર, (૩) કોઇ પણ વ્યક્તિને જાનનુ જોખમ થાય તે રીતે જાહેર માર્ગ-રસ્તા/ફુટપાથ તેમજ ભયજનક ઘાબા પર પતંગ ઉડાડવા ઉપર, (૪) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખૂબ જ મોટા અવાજમા લાઉડ સ્પીકર વગાડવા ઉપર, (૫) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર, (૬) કપાયેલ પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમા લાંબા ઝંડાઓ, વાંસના બાંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઇ પણ ધાતુના તારના લંગર બનાવીને આમતેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરવા ઉપર, તેમજ ટેલીફોન કે ઇલેક્ટ્રિક તાર ઉપર લોખંડ કે કોઇપણ ધાતુના તાર, લંગર (દોરી) નાખવા ઉપર, તેમજ તારમા ભરાયેલ પતંગ કે દોરી કાઢવા ઉપર, (૭) કોઇ પણ વ્યક્તિ દ્વારા જાહેર માર્ગો ઉપર ઘાસચારાનુ વેચાણ કરવા ઉપર, તેમજ જાહેર રસ્તા ઉપર ગાયો/પશુઓને ઘાસચારો નાખી ટ્રાફિક અવરોધ ઉભો કરવા ઉપર, પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામુ સમગ્ર ડાંગ જિલ્લાના મહેસુલી વિસ્તાર તેમજ સાપુતારામા પણ લાગુ થશે. આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરવા બદલ ફરિયાદ માડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવેલ છે.

રાજકોટમાં મહિલાના નાકમાં ઉગ્યો દાંત, ડોક્ટરે દૂરબીનથી કર્યો દૂર

રાજકોટ,તા.૨૭

રાજકોટમાં એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો ઠે. જેમાં એક મહિલાના નાકમાં દાંત ઉગ્યો હતો.. નાકમાં જમણી બાજુથી અવરોધ સાથે દુર્ગંધ મારતું પ્રવાહી નીકળતું હતું.

એટલું જ નહીં, ગંભીર માથાનો દુઃખાવો અને વારંવાર થતી શરદીની સમસ્યાથી આ મહિલા પરેશાન થતાં હતાં. છેલ્લાં ૧૦ વર્ષથી તેઓ આ સમસ્યાથી પીડાતાં હતાં. જોકે ખાનગી હોસ્પિટલના ડોક્ટરે દૂરબીન વડે ૩૮ વર્ષીય મહિલાની સફળ સર્જરી કરી હતી અને તેઓ હાલ સંપૂર્ણપણે સ્વસ્થ છે.

ઈએનટી સર્જન ડો. હિમાંશુ ઠક્કરના જણાવ્યા મુજબ રાજકોટની ૩૮ વર્ષીય મહિલાને ૧૦ વર્ષથી નાકમાં જમણી બાજુ અવરોધ હતો અને દુર્ગંધ મારતું પ્રવાહી તેમજ માથામાં ગંભીર દુઃખાવો અને વારંવાર થતી શરદીની સમસ્યા હતી. સ્થાનિક દવાઓથી રાહત ન મળતાં તેમણે મારો સંપર્ક કર્યો હતો. અહીં તેમના નાકની એન્ડોસ્કોપી અને સીટી સ્કેન કરતાં નાકમાં જમણી બાજુ દાંત જેવી રચના મળી હતી અને તે ગ્રેન્યુલેશન ટિસ્યૂ અને પ્રવાહીથી ઘેરાયેલી હતી. આને 'એક્ટોપિક ટૂથ' તરીકે ઓળખવામાં આવે છે, જે દાંત ખોટી જગ્યાએ ઊગે ત્યારે થાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ એક અતિદુર્લભ સ્થિતિ છે, જેની ગણતરી માત્ર ૦.૧થી ૧ ટકા કેસમાં થાય છે. સાહિત્ય અનુસાર વિશ્વભરમાં ૫૦થી પણ ઓછા કેસ નોંધાયેલા છે. આ અંગે જાણકારી આપી મહિલાને એન્ડોસ્કોપિક સર્જરીની સલાહ આપી હતી. ઓપરેશન દરમિયાન મોટી પથ્થર જેવી રચના જેને રિહર્ઝેર કહેવાય છે. એ બહાર કાઢવામાં આવી હતી, જેમાં દાંત સમાયેલો હતો. આ દાંત નાકમાં જમણી બાજુ અંદરના ભાગ (ઇન્ફિરિયર ટર્બિનેટ)માં ઊગ્યો હતો.સર્જરી પૂરી રીતે સફળ રહી હતી અને દર્દીને કોઈપણ જાતની તકલીફ વિના હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે.

હાલ તેઓ સંપૂર્ણ રીતે તંદુરસ્ત છે. તેમના માથાનો દુઃખાવો દૂર થઈ ગયો છે. તેઓ સરળતાથી શ્વાસ લઈ શકે છે. વર્ષો જૂની સમસ્યાનું યોગ્ય નિદાન કરી સફળ સારવાર કરવા બદલ દર્દીએ હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને તેમની લાંબા સમયથી ચાલી આવતી સમસ્યાનું નિરાકરણ આવતાં પરિવારજનોએ પણ રાહત અનુભવી છે.

ST-SCના ઉમેદવારોને એસ.ટી. બસ દ્વારા વિનામૂલ્યે સુવિધા અપાશે

અમદાવાદ, તા.૨૭

કંડકટરની પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને સમયસર પરીક્ષા કેન્દ્રો ઉપર પહોચાડવા રાજ્ય સરકાર તેમજ જી બસ નિગમ સજ્જ છે. આગામી તા. ૨૯ ડિસેમ્બર રવિવારના રોજ રાજ્યના વિવિધ કેન્દ્રો ઉપર કંડકટર કક્ષાની ઈ આધારિત લેખિત પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષામાં ભાગ લેનાર અનુસૂચિત જનજાતિ-જી અને અનુસૂચિત જાતિ- જીઝના ઉમેદવારોને એસ. ટી. નિગમ દ્વારા વિનામૂલ્યે પરીક્ષા કેન્દ્ર સુધી લાવવા લઈ જવાની સુવિધા આપવામાં આવશે. એસ. ટી. નિગમની યાદીમાં જણાવ્યા અનુસાર, પરીક્ષા આપવા માટે ઉમેદવારો પોતાના પરીક્ષા કેન્દ્રો સુધી સમયસર પહોંચી શકે અને પરીક્ષા આપ્યા બાદ ઘરે પરત ફરી શકે તેના માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

ગૃહમંત્રી અમિત શાહ દ્વારા બાબા સાહેબનાં અપમાન મુદ્દે માફી માંગે

કોંગ્રેસ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ જણાવ્યું

અમદાવાદ, તા. ૨૭

શહેરના એનેક્ષી અતિથિ ગૃહ ખાતે કોંગ્રેસ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા અપમાન કર્યા હોવાનું જણાવ્યું હતું. ૨૮ ડિસેમ્બરે કોંગ્રેસ દ્વારા રાષ્ટ્ર વ્યાપી આંદોલનની જાહેરાત કરવામાં આવી છે. જે અંગે અમદાવાદનાં મુખ્ય માર્ગો પર પ્રોટેસ્ટ કરવામાં આવશે. જો આગામી દિવસોમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ માફી નહીં માંગે તો સમગ્ર ગુજરાતમાં આંદોલન કરવામાં આવશે. તેવી જાહેરાત કરવામાં આવી હતી. જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે સત્તાધીશો મનુવાદનું રટણ કરે છે અને અમે સંવિધાનનું રટણ કરીએ છીએ. ભારતીય જનતા પાર્ટી ગોડસેમાં માને છે અને અમે ડો. બાબાસાહેબ આંબેડકરમાં માનીએ છીએ. સંસદમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા બાબાસાહેબનું અપમાન કરવામાં આવ્યું, આવો દાખલો પહેલીવાર સામે આવ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે હું ભાજપ અને ઈજીજીને કહેવા માંગુ છું અમને મૃત્યુ પછી સ્વર્ગ નથી જોઈતું, અમારી ઉઘાડી આંખે અસ્પૃશ્યતા નાબૂદી જોઈએ છે. સૌ સમાન અને સુંદર સમાજનું નિર્માણ થાય અને ન્યાય સુનિશ્ચિત થાય તેવા ભારતનું નિર્માણ થાય તેના માટે બાબા સાહેબે કામ કર્યું છે. અગાઉ મહીસાગરના કલેકટર નેહાકુમારી દુબે દલિતોનું અપમાન કર્યું. સરકારી કે પાર્લામેન્ટનું મંચ હોય આ લોકો અપમાન કરવાનું ક્યારેય ચૂકતા નથી. અને આવું હવે ફરીવાર ન થાય તે માટે નેહા કુમારીની ધરપકડ થાય અને અમિત શાહ માફી માંગે તેવી અમારી માંગ છે.

RTE હેઠળ ૧૦૦ વિદ્યાર્થીઓના બોગસ એડમિશનનો થયો પર્દાફાશ

સુરત,તા.૨૭

સુરતમાંથી શ્રીમંત વાલીઓએ ગરીબ બનીને પોતાના બાળકોને ઈઈ હેઠળ શાળાઓમાં અપાવ્યો પ્રવેશ, તંત્રએ ૭ શાળાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓના એડમિશન રદ કર્યા રાજ્યમાંથી વધુ એક બોગસકાંડ સામે આવ્યું છે. સુરતની સ્કૂલો ઈઈ (રાઇટ ટુ એજ્યુકેશન) હેઠળ બોગસ એડમિશનના મામલામાં સમાચાર સામે આવ્યા છે. ઈઈ (રાઇટ ટુ એજ્યુકેશન) સહાયતા માટેની સ્કીમનો દુરુપયોગ કરવામાં આવ્યો છે, જેમાં બંગલા અને વિદેશ પ્રવાસ કરનારા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓએ ખોટા દસ્તાવેજો સાથે એડમિશન મેળવ્યા હતા. તપાસમાં ખુલાસો થયો છે કે, ઈઈ (રાઇટ ટુ એજ્યુકેશન) માટે કેટલાક શ્રીમંત વાલીઓએ ગરીબ બનવાની નાટકીય કવાયત કરી હતી, જેથી ઈઈ હેઠળ તેમના બાળકોના એડમિશન માટે નમ્રતા થી પ્રોવિઝન્સ મળી શકે. આ બોગસ એડમિશન પર હવે હલચલ મચી રહી છે અને ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓના એડમિશન રદ કરવામાં આવ્યા છે. જ્યારે સ્કૂલો એડમિશન માટે ઈઈ (ડિઝિસ્ટ્રિક્ટ એજ્યુકેશન ઓફિસર)ને જાણ કરવાના બદલે બોગસ એડમિશનનો લાભ લઈ રહી છે, ત્યારે શિક્ષણાધિકારીની ટીમ દ્વારા ગંભીર તપાસ હાથ ધરવામાં આવી.આ તપાસ દરમિયાન કેટલાક વાલીઓના આવકના ખોટા પુરાવાઓ, બેંક ડીટેલ્સ અને ઘરનાં માલિકીના દસ્તાવેજોની તપાસ કરવામાં આવી. કેટલાક વાલીઓ મોટી મિલકત ધરાવતાં જાહેર થયા, તો કેટલાક વાલીઓએ મોટી લોન લઈને ઈઈ હેઠળ પ્રવેશ મેળવ્યો હતો. આ મામલાની વિસ્તૃત તપાસ હવે ચાલી રહી છે અને આવનારા સમયમાં વધુ ખુલાસા થવાનો સંકેત છે.

Disposal of Scrap Metals / Non Metals
L&T-MHI POWER BOILERS PVT. LTD.
Gate No : 6 Hazira, Surat
Auction Date: 31/12/2024
Email- nimeshg.patel@lntmhipower.com
(Mob-7874242440)

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **આરેફાબાનું વાહીદહુસેન પટેલ** હતું જે નામ બદલીને નવું નામ **આરેફાબાનું વાહીદહુસેન પટેલ** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
લિ.: આરેફાબાનું વાહીદહુસેન પટેલ
સરનામું : ઘર નં-૩/૨૬૦૬, નવાબની ચાલ કમેલા રોડ, સલાબતપુરા, સુરત

નામ બદલેલ છે.
મ